# આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા "સેતુ" પ્રોગ્રામ હેઠળ જાતિગત સંવેદનશીલતા અને મહિલા સ્વાસ્થ્ય પર સેમિનાર સંપન્ન

આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી અને જેન્ડર રિસોર્સ સેન્ટર (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર), ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સમાજમાં સમાનતા અને સુરક્ષિત વાતાવરણ પ્રબળ બને તે હેતુથી "સેતુ" (SETU) પ્રોગ્રામ અંતર્ગત શનિવાર, ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એક દિવસીય સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાએ જણાવ્યું હતું કે, "આણંદ કૃષિ યુનિવર્સિટીનું શૈક્ષણિક વાતાવરણ અત્યંત સુરક્ષિત અને ઉમદા છે, જ્યાં અત્યાર સુધી જેન્ડર સંબંધિત કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો નથી તે ગૌરવની વાત છે." તેમણે મહિલાલક્ષી યોજનાઓના સંશોધન અને જેન્ડર બજેટિંગ દ્વારા મહિલાઓના સામાજિક-આર્થિક ઉત્થાન પર વિશેષ ભાર મૂક્યો હતો.

ગાંધીનગરથી પધારેલા જેન્ડર રિસોર્સ ઓફિસર શ્રી મહેન્દ્ર મકવાણાએ જાતિગત સંવેદનશીલતા અને PoSH અધિનિયમ-૨૦૧૩ (કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી નિવારણ કાયદો) વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ૧૦ કે તેથી વધુ કર્મચારી ધરાવતી સંસ્થાઓમાં ICC (આંતરિક ફરિયાદ સમિતિ) ની રચના અનિવાર્ય છે. માત્ર કાયદો જ નહીં, પણ સહકાર્યકરો સાથેનું ગરિમાપૂર્ણ વર્તન એ જ સુરક્ષિત કાર્યસ્થળની સાચી ઓળખ છે.

સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ, કરમસદના ડૉ. ભાલેન્દુ વૈષ્ણવે ‘મહિલાઓના પોષણ સ્તરમાં જાતિગત અસમાનતા અને તેના સ્વાસ્થ્ય પર પ્રભાવ’ વિષય પર ગહન ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે ભારતીય પિતૃસત્તાક સમાજમાં પ્રવર્તતી 'Son Preference' ની માનસિકતાને કારણે મહિલાઓમાં પોષણની ઉણપ જોવા મળે છે. ૨૦૨૫-૨૬ ના આંકડા મુજબ ૨૮% મહિલાઓ સ્થૂળતાથી પીડાય છે, જ્યારે ૫૦% થી વધુમાં વિટામિન-ડી ની ઉણપ છે. તેમણે સ્વાસ્થ્ય સુધારવા માટે 'વિજ્ઞાન ઓફ લિવિંગ' ના ૪ સ્તંભો - આહાર, વિહાર, આચાર અને વિચાર પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમના અંતે **નોડલ અધિકારી (સેતુ) ડૉ. જાગૃતિ શ્રોફ** દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનો, વક્તાઓ અને સહભાગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને કાર્યક્રમની સફળ પૂર્ણાહુતિ કરી હતી. આ સેમિનારમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ મોટી સંખ્યામાં હાજર રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમને પ્રોત્સાહન રૂપે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા